જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૧૬/૯/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૮૬૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી અને ૪૩ વ્યક્તિઓને ઝડપી ૨૭૬ લીટર દેશી દારૂ, ૧૨૬ બોટલ ઇગ્લીશ દારૂ અને ૭૩ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૮૭૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૧/૧૫**

**વેજલપુર** : પુજાબહેન ગોપીજી વણઝારા (ઉ.વ.૧૭)(રહે.વણઝારાવાસ, ઝલક કોમ્પલેક્ષ પાછળ, ગુપ્તાનગર, વાસણા) ને તા.૧૨/૯/૧૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી આરોપી દિલીપ બાબુભાઇ ઠાકોર (રહે.પ્રવિણનગરનાં કુવા પાસે, ગુપ્તાનગર, વાસણા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ પુજાબહેનનાં પિતા ગોપીજી વણઝારાએ તા.૧૫/૯/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૨/૧૫**

**મણીનગરઃ** ભદ્રેશ બાબુભાઈ યાદવ (રહે.પ્રથમા સોસાયટી વિશાલનગર ઈસનપુર) એ તા.૧૫/૯/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૮/૧૫ બપોરના ૨/૩૦ થી તા.૧૮/૮/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સ્મયગાળા દરમ્યાન મણીનગર કૃષ્ણબાગ ચાર રસ્તા ખાતે આવેલ પોતાની નેશનલ હેન્ડલુમ નામની દુકાનમાં આરોપી પોતાનુ નામ વિજય આપી ભદ્રેશ યાદવ પાસેને વિશ્વાસ આપી કરલોન ફોમની સીટો, ફેવીકોલ અને માદરપાટ મળી કુલ કિમત રૂપિયા ૫૭,૧૩૦/- મતાનો માલ લઈ જઈ ભદ્રેશ યાદવ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એન જી ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૩/૧૫**

**સેટેલાઈટઃ** જનાર્દન મનહરલાલ આચાર્ય (ઉ.વ.૬૮) (રહે.રઘુવીર ટેનામેન્ટ વિધ્યાનગર બાકરોલ જીલ્લો આણંદ) તા.૧૧/૯/૧૫ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે મણીનગર થી નહેરૂનગર બીઆરટીએસ બસમાં બેસી બપોરના ૧૨/30 વાગ્યા સુધીની મુસાફરી દરમ્યાન બસમાં અજાણી મહીલાએ જનાર્દન આચાર્યની પત્નીની નજર ચુકવી પર્સમાંથી સોનાની મગમાળા અને રોકડ રૂપિયા 3,000/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.બી.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૪/૧૫**

**નવરંગપુરા :** અજયભાઇ જીવતરામ કકવાણી (રહે. રજનીગંધા બંગલો, સંત કબીર સ્કુલની પાછળ, ડ્રાઇવઇન રોડ, થલતેજ) એ તા.૧૪/૯/૧૫ નાં કલાક ૧૦/00 વાગે નવરંગપુરા સી.જી.રોડ, સ્ટેડીયમ સર્કલ પાછળ પોતાની સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર જીજે ૧ કે.કયુ.૬૧00 કિમત રૂપિયા ૪,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજના ૭/30 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અજયભાઇ કકવાણી એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૭૫/૧૫**

**રિવરફ્રન્ટ (ઇસ્ટ) :** જયેશ કાંન્તીભાઈ પરમાર (ઉ.વ.૧૮)(રહે.માકુભાઈના છાપરાં, ગીરધરનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૫/૯/૧૫ ના કલાક ૧૧/00 વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ નારણઘાટ નજીક સાબરમતી નદીમાં પડતુ મુકી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

**સાબરમતી :** દિનેશભાઇ ચમનજી ઠાકોર (ઉ.વ.૩૫) (રહે.કાળીગામ, તલાવડી છારાનગર, સાબરમતી) એ તા.૧૪/૯/૧૫ કલાક 3/00 વાગ્યાના સુમારે (અસ્થીર મગજના હોઈ) પોતાના ઘરે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૯/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રસીકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)